# રૂપાંતરણનો સમય

૧ સપ્ટેમ્બર, ૨૦૧૮

આત્મીય પાઠકો,

સપ્ટેમ્બરનો આ મહિનો રૂપાંતરણનો સમય છે. આ સમય છે વધુ પૂર્ણતા સાથે, વધુ દૃઢ વિશ્વાસ સાથે અને વધુ આનંદ સાથે આપણા સાચા સ્વરૂપમાં સ્થિત થવાનો. અલબત્ત એવું લાગે છે કે પ્રકૃતિ પણ આપણને આ જ કહી રહી છે. વિશ્વના કેટલાંક ભાગમાં વસંતઋતુની શરૂઆત થઈ રહી છે, ઘાટી અને ગ્રામીણ પ્રદેશો ઘટાદાર, લીલાંછમ અને આતુર દેખાવા લાગ્યા છે. અમેરિકા અને ઉત્તર ગોળાર્ધના અન્ય ભાગોમાં પુરબહાર ગ્રીષ્મઋતુ જલ્દીથી પરિપક્વ થઈને શરદઋતુમાં પરિવર્તિત થઈ જશે, તે રંગોની એ ભવ્યતામાં પરિવર્તિત થઈ જશે જે માત્ર સમયની સાથે આવતી દેખાય છે અને વિનમ્રતામાં પરિવર્તિત થઈ જશે, જે જીવનના ઉતાર-ચડાવ, સુખ-દુઃખથી જન્મ લે છે. આપણે વિશ્વમાં જ્યાં પણ હોઈએ, આ એક પરિવર્તનનો સમય છે.

આ સમયગાળાના અસંખ્ય રંગરૂપ છે; એટલું જ નહીં, એ પણ સાચું છે કે તેમાં ઉત્સાહપૂર્ણ નવીનતા અને સાથેસાથે પરિપક્વતા હોઈ શકે, પરિપક્વતા એટલે એ બની જવું જે છે અને જે હંમેશાંથી રહેલું છે. વિભિન્ન રંગ અને લાગણીઓ મનુષ્યના અનેક અનુભવને અને સાધનાના સ્વરૂપને જ પ્રતિબિંબિત કરે છે. આપણી સાધનામાં પ્રગતિ કરવા માટે બંનેની આવશ્યકતા છે — નવીનતા અને પરિપક્વતાની તથા નવી શરૂઆત કરનારના મનની તેમજ જ્ઞાનના વિકાસ અને દૃઢતાની. આ બંનેના સમન્વયમાં સંભાવના છે, તેમાં ભરપૂર સામર્થ્ય છે. તેમાં ગતિશીલતા છે.

આ વર્ષ માટેના પોતાના સંદેશ પ્રવચનમાં, શ્રીગુરુમાઈ ભારતના સંતકવિઓ વિશે અને સત્સંગ પ્રણાલીની રચના કરવામાં તેમણે આપેલા યોગદાન વિશે શીખવે છે. તેઓ કહે છે કે આ સંતકવિઓએ પોતાના શબ્દો અને પોતાનાં કાર્યોના માધ્યમ દ્વારા દર્શાવ્યું છે કે સત્યની અનુભૂતિ બધાં જ લોકો કરી શકે છે. ગુરુમાઈજીએ જે સંતો વિશે કહ્યું હતું તેમાંનાં એક હતાં, ચૌદમી સદીના કાશ્મીરનાં લલ્લેશ્વરી. હજી પણ, લલ્લેશ્વરીની હૃદયસ્પર્શી કવિતાઓ આધ્યાત્મિક જિજ્ઞાસુઓ માટે એક પ્રેરણાસ્રોત છે; આ કવિતાઓ એ લલકને કાવ્યાત્મક રૂપ આપે છે જેનો અનુભવ સર્વત્ર થાય છે અને એ શિખામણોને ભાવાત્મક રૂપ આપે છે જે આપણને આ લલક પર કાર્ય કરવામાં મદદ કરે છે. બાબા મુક્તાનંદે લલ્લેશ્વરીની ઘણી બધી કવિતાઓનો (જે તેમણે કાશ્મીરી ભાષામાં લખી હતી) હિન્દીમાં અનુવાદ કર્યો છે અને ગુરુમાઈજીએ બાબાજીના અનુવાદનું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું છે.

એક કવિતામાં, લલ્લેશ્વરી લખે છે :

> શું તમે હોશમાં છો?
> તો આગળ વધો.
> ઝડપથી ચાલો અને તમારી યાત્રા પૂરી કરો.
> તમારી સમજને વિકસિત કરવા માટે
> તમારે ખૂબ કાળજી લેવી પડશે.[૧]

લલ્લેશ્વરીના શબ્દોમાં કેટલો બધો ઉત્સાહ છે, આગળ વધવાના તેમનાં આમંત્રણમાં નવેસરથી શરૂઆત કરવાનું જોશ છે. સાથેસાથે, તેઓ આપણને પ્રેરિત કરે છે કે આપણે આપણી યાત્રા *પૂરી કરીએ* — આપણે જેની શરૂઆત કરી છે તેનું સમાપન કરીએ; મજબૂત, ઝડપી અને સ્થિર પગલાં ભરીને આપણે અત્યાર સુધી જે પ્રાપ્ત કર્યું છે તેમાં આગળ વધીએ.

પોતાના સંદેશ પ્રવચનમાં શ્રીગુરુમાઈ આપણને સંકલ્પને આગળ લઈ જવા માટે કહે છે અને તે સંકલ્પ છે આપણા પોતાના સત્સંગની રચના કરવાનો, કોઈપણ સમયે, કોઈપણ જગ્યાએ ''થોભો અને જોડાઓ''નો. તેથી જ્યારે આપણે વર્ષ ૨૦૧૮ના અંતિમ અને ત્રીજા તબક્કામાં પ્રવેશ કરી રહ્યાં છીએ, ત્યારે આ શરૂઆત પ્રતિ ઉત્સુકતાપૂર્વક જાગરૂક રહીને આપણે એ વાત ધ્યાનમાં રાખીએ કે આ સંકલ્પને પરિપૂર્ણ કરવાનો શું અર્થ છે. ૨૦૧૮ના અંત સુધી આપણે આપણી સાધનામાં ક્યાં પહોંચવા માંગીએ છીએ? આપણી યાત્રાની પૂર્ણતા અથવા તેના આ ચરણની પૂર્ણતા કેવી દેખાય છે અને આપણે ત્યાં કેવી રીતે પહોંચીશું?

સાચું કહું તો તમારા પોતાના સત્સંગની રચના કરવા માટે કોઈ છેલ્લી તારીખ નથી, કોઈ સમયમર્યાદા નથી. સત્સંગ અર્થાત્ સત્યની સંગતિમાં આવવું એ જ સાધનાનો સાચો સાર છે; તેની મહત્તા કાલાતીત છે, તેનામાં તમારા પોતાના આત્માને તમારી સમક્ષ વધુ સ્પષ્ટતાથી પ્રગટ કરવાની અનંત ક્ષમતા છે. તેમ છતાં, વર્ષના અંત સુધી તમે ક્યાં પહોંચવા માંગો છો તેના વિશે *થોડા* વિચાર કે માપદંડને શબ્દબદ્ધ કરી લેવા મદદરૂપ થશે, અને પછી એ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે, ત્યાં પહોંચવા માટે તમારી પાસે હજી ચાર મહિના છે — આશા અને અવસરથી ભરપૂર ચાર મહિના. ગુરુમાઈજીએ સાધનાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે "નાના, વિશિષ્ટ અને સુનિયોજિત" પગલાં લેવા વિશે આપણને શીખવ્યું છે. આ રીતે, તમે જે પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ છો, તેના વિશે વધુ સરળતાથી વિચાર કરી શકો છો. તમે તેને સમજી શકો છો અને પછી હજી વધારે ઉમંગ સાથે તેને કરી શકો છો.

તેથી ઉપર આપેલા પ્રશ્નો વિશે વિચારો. *૨૦૧૮ના અંતે તમે ક્યાં પહોંચવા માંગો છો? શ્રીગુરુમાઈએ તમને જે સંકલ્પ આપ્યો છે તેને આગળ લઈ જવાનો શું અર્થ છે?* કદાચ, તમારા માટે આ સંકલ્પને પૂરો કરવાનો અર્થ એ હોય કે સત્સંગની રચના કરવા માટે તમારી શક્તિનો સાચે જ વિકાસ કરવો; તેનો અર્થ એ પણ હોઈ શકે કે "થોભો અને જોડાઓ"ના અભ્યાસને તમારી સત્તામાં સંપૂર્ણપણે ઉતારી લેવો, જેથી આ અભ્યાસ તમારા માટે શ્વાસ અંદર લેવા અને બહાર કાઢવા જેટલો સહજ બની જાય.

કદાચ તેનો અર્થ એ હોય કે તમારી પોતાની સંગતિ શું છે તેને સારી રીતે જાણવું અને આ સંગતિ સાથે એકસમાન સહજતાથી જોડાઈ શકવું, પછી ભલે તમે લોકોની સાથે હો કે એકલા હો. અથવા તેનો અર્થ સત્સંગની ક્ષણને ટકાવી રાખવા વિશે હોય, જેથી તમારી દૈનિક પ્રવૃત્તિઓ કરતાં-કરતાં પણ તમે સ્વયં સાથે જોડાણનો અનુભવ વધુ ને વધુ નિરંતરતાથી કરી શકો.

તમારી અંદર જે પણ સ્પંદિત થાય છે તેની સાથે જોડાઈ જાઓ અને તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો. તમારી આસપાસ અને તમારા અંતરમાં થઈ રહેલી નવી શરૂઆતોમાંથી પ્રેરણા અને ઊર્જા પ્રાપ્ત કરો. લલ્લેશ્વરીના શબ્દો પર ધ્યાન આપો અને — બળજબરી કર્યા વગર, દબાણ લાવ્યા વગર — *તમારી સમજને વિકસિત થવા દો.* ધૈર્ય સાથે, દઢતા સાથે અને નિર્ભયતાના ભાવ સાથે એવા વાતાવરણનું નિર્માણ કરો જેમાં સત્સંગ, શિખામણ અને તેનો અનુભવ તમારા આત્મામાં કાયમ માટે પ્રસ્થાપિત થઈ શકે.

હંમેશની જેમ જ, સિદ્ધયોગ પથ વેબસાઇટ તમારા પ્રયત્નોમાં તમારા માટે સહાયક અને સ્રોતનું સાધન બનશે. ભારતમાં, આ મહિનો છે ગણેશ ઉત્સવનો, ગણેશજીના સન્માનમાં આયોજિત દસ દિવસના ઉત્સવનો. તેઓ વિઘ્નહર્તા છે અને નવીન આરંભના દેવ છે. આ વર્ષે ૧૨ થી ૨૩ સપ્ટેમ્બર (ભારતમાં ૧૩ થી ૨૩ સપ્ટેમ્બર) સુધી ગણેશ ઉત્સવ ઉજવવામાં આવશે; આ સમય દરમ્યાન, તમે તેમની ઉપસ્થિતિનું આવાહન કરી શકો તે માટે વેબસાઇટ પર તમારા માટે ગાવા અને વાંચવા માટે ગણપતિ *બાપ્પાની* સ્તુતિઓ આવશે. વેબસાઇટ પર શ્રીગુરુમાઈના સંદેશના વિષય સંબંધિત વાર્તાઓ પણ આવશે, અને તમારી સાધનામાં બુદ્ધિની શું ભૂમિકા છે તેના વિશે સ્વામી અખંડાનંદનું પ્રવચન પણ આવશે.

અને જો તમે હજી સુધી 'એક મધુર સરપ્રાઇઝ' સત્સંગમાં ભાગ ન લીધો હોય તો — અથવા જો તમે લીધો હોય તોપણ ખાસ કરીને — હું તમને પ્રોત્સાહિત કરું છું કે તમે તેમાં ભાગ લો અને ગુરુમાઈજીના સંદેશ પ્રવચનને સાંભળો. આ સત્સંગ ૯ સપ્ટેમ્બર સુધી સિદ્ધયોગ પથ વેબસાઇટ પર ઉપલબ્ધ રહેશે. જ્યારે-જ્યારે તમે તેમાં ભાગ લો છો ત્યારે ગુરુમાઈજીની શિખામણોનું તમારું અન્વેષણ અર્થાત્ એ શું છે જેની તરફ તમે આગળ વધી રહ્યાં છો અને તમે જે માર્ગ પર છો તેના વિશેની તમારી સમજ — વધુ ગહન, વધુ પ્રગાઢ અને વધુ સૂક્ષ્મ થતી જાય છે.

થોડા સમય પહેલાં, ગુરુમાઈજી બાળકો અને યુવાઓના એક સમૂહ સાથે શ્રી મુક્તાનંદ આશ્રમમાં અમૃત કોર્ટયાર્ડમાં હતાં. કોર્ટયાર્ડ રંગોના એક વિશાળ દશ્ય જેવો લાગતો હતો, તેની એક બાજુ સૂર્યમુખીની ઊંચી-ઊંચી દાંડીઓ રૂપી પડદો હતો અને બીજી બાજુ લાલ, કેસરી, ગુલાબી અને પીળા રંગના ફૂલ અને છોડ હતા. સૂર્ય ઉદિત થઈ ગયો હતો અને તેની તેજસ્વી શ્વેત આભા દરેક વસ્તુને પોતાનામાં સમાવી રહી હતી.

જ્યારે ગુરુમાઈજી બાળકો સાથે સૂર્યમુખીનાં ફૂલો પાસે ઊભાં હતાં, ત્યારે એક પતંગિયું તેમના હાથ પર આવીને બેસી ગયું. તે બસ ત્યાં બેસી રહ્યું — સ્થિર, હાલ્યા વિના, જાણે કે તેને વિશ્વાસ નહોતો કે જો તે તેના નાજુક પગથી થોડું પણ આગળ વધશે તો શું થશે.

થોડીવાર પછી ગુરુમાઈજી, એ પતંગિયાને ધીમેથી નજીકના સૂર્યમુખીના ફૂલ પાસે લઈ ગયાં. ફૂલનો નરમ મધ્યભાગ અને મોટાં, હૃદય-આકારનાં પાંદડાંઓ એક ખુલ્લા આમંત્રણ જેવા લાગતાં હતાં. પણ પતંગિયું જ્યાં હતું ત્યાં જ રહ્યું; તે ગુરુમાઈજીનો હાથ છોડતું નહોતું. ખૂબ કોમળતાથી, ગુરુમાઈજીએ પોતાની ખુલ્લી હથેળી પર તેને આગળની તરફ નમાવ્યું અને કહ્યું, "જા. તું પકડી શકે છે. તું સશક્ત છે."

પતંગિયાએ વાત માની લીધી અને ખૂબ ધીમેથી એક પાંદડા પર જતું રહ્યું. અને પછી — તે ત્યાં જ રહ્યું. તેણે પાંદડાને પકડી રાખ્યું, તેની પકડમાં સહજતા અને દૃઢતાનું અદ્‌ભુત સંયોજન હતું. સૂર્યપ્રકાશને પોતાનામાં પ્રવેશ કરવા દઈને, પોતાની પીઠ પર આશ્ચર્યકારક રંગબેરંગી આકૃતિને પ્રદર્શિત કરતા, તેણે તેની પાંખો ફેલાવી દીધી.

જ્યારે આપણે શ્રીગુરુની શિખામણોનું પાલન કરીએ છીએ ત્યારે જે ઘટિત થાય છે તે અસાધારણ હોય છે — આપણે આપણા અંતરમાં સદ્‌ગુણોને શોધી લઈએ છીએ, આપણે અચાનક જ શક્તિ અને સુંદરતા પ્રાપ્ત કરી શકીએ છીએ અને આપણા સંસારમાં તેને આપી શકીએ છીએ. આ પત્રમાં પહેલાં મેં લલ્લેશ્વરીની એક કવિતાનો ઉલ્લેખ કર્યો હતો, તેની બીજી પંક્તિ જે આપણા માટે હંમેશાં મહત્ત્વપૂર્ણ છે, પણ કદાચ અત્યારે જે વિશિષ્ટ, નિર્ણાયક અને પરિવર્તનની ક્ષણમાં આપણે છીએ તેમાં વિશેષતઃ મહત્ત્વપૂર્ણ છે.

લલ્લેશ્વરી કહે છે :

> તમારા મિત્રને શોધો
> અને તમને પ્રકાશ દેખાશે.
> તમારા પગને વધુ સુદૃઢ થવા દો
> અને તમારી પાંખોને ફૂટવા દો.[૨]

આદર સહિત,

ઈશા સરદેસાઈ

---

[૧] *Lalleshwari: Spiritual Poems by a Great Siddha Yogini*, સ્વામી મુક્તાનંદ દ્વારા અનુવાદિત, (સાઉથ ફૉલ્સબર્ગ, ન્યૂયોર્ક : એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન, ૧૯૮૧), પૃષ્ઠ ૫.

[૨] *Lalleshwari*, સ્વામી મુક્તાનંદ દ્વારા અનુવાદિત (સાઉથ ફૉલ્સબર્ગ, ન્યૂયોર્ક : એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન, ૧૯૮૧), પૃષ્ઠ ૫.

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.